કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નવો પૂર્વ(સરથાણા)ઝોન

સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ, સરથાણા, સુરત – ૩૯૫૦૧૩.

ઈ.ઝેડ/સંમતિ પત્ર/ નં. ૫૬૧૨
તા. ૦૮/૦૯/૨૦૨૬

**–: સંમતિ પત્ર:–**

**પ્રતિ,**

**વિષય :**– નવો પૂર્વ ઝોન(સરથાણા) વિસ્તારમાં મોટાવરાછા, ઉત્રાણ, કોસાડ તથા નવા સમાવિષ્ટ ગામોમાં જુદા–જુદા ધાર્મિક ઉત્સવો તથા વિવિધ પ્રકલ્પોના ઉદ્દઘાટન / ખાતમુહૂર્ત તથા અન્ય સરકારી, લોકસેવા વિગેરેના કાર્યક્રમોમાં મંડપ તથા અન્ય આનુષાંગિક સુવિધા પુરી પાડવાનું કામ.

**સંદર્ભ :**– (૧) સ્થા.સ.ઠ.નં.૧૪૩૭/૨૦૨૬, તા.૧૪/૦૮/૨૦૨૬ થી મંજુર થયેલ યુનીટ રેઈટનાં ભાવે અને શરતે
(૨) મે.ડે.કમિશ્નરશ્રી(ડે.) ની તા. ૦૮/૦૯/૨૦૨૬ ના રોજની મંજુરી

**મહાશય,**

નવો પૂર્વ ઝોન(સરથાણા) વિસ્તારમાં મોટાવરાછા, ઉત્રાણ, કોસાડ તથા નવા સમાવિષ્ટ ગામોમાં જુદા–જુદા ધાર્મિક ઉત્સવો તથા વિવિધ પ્રકલ્પોના ઉદ્દઘાટન / ખાતમુહૂર્ત તથા અન્ય સરકારી, લોકસેવા વિગેરેના કાર્યક્રમોમાં મંડપ તથા અન્ય આનુષાંગિક સુવિધા પુરી પાડવાનું કામ સંદર્ભ(૧) મુજબ સ્થા.સ.ઠ.નં.૧૪૩૭/૨૦૨૬, તા.૧૪/૦૮/૨૦૨૬ થી મંજુર થયેલ યુનીટ રેઈટનાં ભાવે અને શરતે રૂા.૨૮,૦૮,૫૫૮.૦૦ પૈ. તથા પ્રવર્તમાન જી.એસ.ટી. અલગથી ચૂકવણાના ખર્ચે કામગીરી કરાવવા સંદર્ભ(૨) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં **તા.૧૭/૦૯/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૨૮,૫૦૦.૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૫,૬૨,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
ઈજારદારે છેલ્લા ૦૭ (સાત) વર્ષના સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ

- અંદાજીત રકમના ૪૦% એટલે કે રૂા.૧૧,૨૩,૫૦૦/– કે તેથી વધુ રકમના ૦૩(ત્રણ) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૫૦% એટલે કે રૂા.૧૪,૦૪,૩૦૦/– કે તેથી વધુ રકમના ૦૨(બે) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૮૦% એટલે કે રૂા.૨૨,૪૬,૯૦૦/– કે તેથી વધુ રકમના ૦૧(એક) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

-SD-
**કાર્યપાલક ઈજનેર**
**નવો પૂર્વ ઝોન(સરથાણા)**
**સુરત મહાનગરપાલિકા**